## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




ઈશુ જયંતી એવું ના કહેવાય...!!

# છાલા ગામની સીમમાં બંધ મકાનમાંથી ૧૯.૭૭ લાખની ચોરી

## ૧૯,૭૭,૫૦૦ની કિંમતનું ૪૭૫ ગ્રામ સોનું સહિત બંદુકની ચોરી કરી તસ્કરો પલાયન, ગ્રામજનોમાં ભયનો માહોલ

ગાંધીનગર, તા.૨૬

ચિલોડા-હિંમતનગર હાઈ-વે પર આવેલા છાલા ગામની સીમમાં બંધ મકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યું છે. ઘરની ઓસરીમાં રહેલી જાળીના ચાર સળીયા તોડી બાકોરૂ પાડી ઘરમાં પ્રવેશ્યા હતા. ત્યારબાદ ઘરમાં પ્રથમ માળે મુખ્ય દરવાજાના નકુચા તોડી અંદર પ્રવેશી તિજોરીમાં રહેલા સોના-ચાંદીના દાગીના સહિત અન્ય ચીજવસ્તુઓની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા છે. તસ્કરો બંધ મકાનમાંથી કિ.રૂ.૧૯,૭૭,૫૦૦ ની કિંમતના ૪૭૫ ગ્રામના સોનાના વિવિધ દાગીના તેમજ બાર બોર ડબલ બેરલની બંદુક પણ ચોરી કરી ફરાર થઈ ગયા છે.જયારે ચોરીનો બનાવ ઓગસ્ટ થી ડિસેમ્બર દરમિયાન કોઈ પણ સમયે બન્યો છે. બનાવ અંગે રાજેશ મણીભાઈ પટેલે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તસ્કરોને પકડવા માટે એફએસએલ અને ડોગ સ્કવોડની મદદ લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં તસ્કરો તરખાટ મચાવી રહ્યા છે. શિયાળાની કડકડતી ઠંડી અને રાત્રીના અંધકારમાં ચોર ઈસમો બંધ મકાનને ટાર્ગેટ કરી રહ્યા છે. તાજેતરમાં જ પ્રાંતિયા ગામના બે મકાનોને ટાર્ગેટ કરી લાખો રૂપીયાના સોના-ચાંદીના દાગીનાની ચોરી થઈ હતી. તસ્કરો સુધી હજુ પોલીસના હાથ પહોંચ્યા નથી. પોલીસ હવામાં હવાતીયા મારી રહી છે. ત્યારે છાલા ગામની સીમમાં બંધ મકાનને ચોર ઈસમો નિશાન બનાવી લાખો રૂપીયાની ચોરી કરી પલાયન થયા છે. છાલા ગામના રાજેશ મણીલાલ પટેલે ચિલોડા પોલીસ મથકે નોંધાવેલી ફરીયાદ મુજબ તેઓ ગીફટ સીટી પાસે શ્રી રંગ એરોમાં ખાતે મકાન નં.૫૦૧ ખાતે પોતાના પરિવાર સાથે રહે છે અને સોફટવેર કન્સલ્ટન્ટના ક્ષેત્ર સાથે સંકળાયેલા અને ખેતી પણ કરે છે. તેઓ ગત તા. ૫-૮-૧૯ ના રોજ છાલા ગામે આવેલા પોતાના નિવાસ સ્થાને સવારે ૯ વાગે ગયા હતા અને ઘરવખરીનો જરુરી સામાન લઈને બપોરે ૨ વાગે પરત ફર્યા હતા. ત્યારબાદ ફરીયાદી અને તેમનો દિકરો યશ ગત તા.૧૨-૧૨-૧૯ ના રોજ શ્રી રંગ એરોમાંથી સવારે ૧૧.૩૦ કલાકે નીકળી છાલા ગામની સીમમાં આવેલા પોતાના નિવાસ સ્થાને ગયા હતા. ત્યારબાદ તેઓએ ઘરે જઈને જોયું તો ઘરની ઓસરીમાં લોખંડની જાળીના ૪ સળીયા તુટેલા હતા અને બાખુ પાડેલું હતું. જયારે બાખુ પણ પ્લાસ્ટીકની ખાતરની થેલીથી ઢાંકી દીધુ હતું. તસ્કરોએ ઘરમાં પ્રવેશ કરીને પ્રથમ મજલે આવેલા રૂમના મુખ્ય દરવાજાના નકુચા તોડી રૂમમાં પ્રવેશ કરીને તિજોરીના લોક તોડી સામાન વેર-વિખેર પડ્યો હતો. જયારે તિજોરીના ડ્રોઅર નીચે જમીન પડ્યા હતા. જયારે તિજોરીમાં મુકેલી બાર બોર ડબલ બેરલની બંદુક પણ લાયસન્સવાળી ચોરી થવા પામી છે. જયારે ઘરમાં રહેલી તિજોરીમાં મુકેલા કિં.૧૯,૭૭,૫૦૦ ની કિંમતના ૪૭૫ ગ્રામ સોનાના દાગીના અને બંદુકની ચોરી થતા ગ્રામજનોમાં પણ ભયનો માહોલ જોવા મળ્યો છે. ચિલોડા પોલીસે રાજેશ પટેલની ફરીયાદને પગલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ફરીયાદીની ચોરી થયેલી બંદુકના લાયસન્સની ઓરીજીનલ બુક ખોવાઈ ગઈ છે. જેને પગલે તેઓએ તેની નકલ મેળવી હતી. ત્યારબાદ ચોરી અંગે ૨૫ ડિસેમ્બરના રોજ રાત્રે તેઓની ફરીયાદ નોંધવામાં આવી હતી.

### ચોરી થયેલા દાગીનાની યાદી

- સોનાના સેટ નંગ-૨, વજન-૨૬૦ ગ્રામ કિં.રૂ.૧૦,૧૪૦૦૦
- સોનાનો સેટ નંગ-૧, વજન-૭૫ ગ્રામ કિં.રૂ.૯૨,૫૦૦
- સોનાના દોરા નંગ-૬, વજન-૬૦ ગ્રામ કિં.રૂ.૨,૩૪૦૦૦
- સોનાની વીટીં નંગ-૨, વજન-૩૦ ગ્રામ કિં.રૂ.૧,૧૭,૦૦૦
- સોનાનું મંગળસુત્ર નંગ-૧,વજન-૨૫ગ્રામ કિં.રૂ.૯૭,૫૦૦
- સોનાની વીટી નંગ-૨, વજન-૨૫ ગ્રામ કિં.રૂ.૯૭,૫૦૦
- સિમેન્સના સિલ્વર કોન્ટેન્ટર રૂ.૩૫,૦૦૦

કુલ વજન ૪૭૫ ગ્રામ કિં.રૂ.૧૯,૭૭,૫૦૦ ની ચોરી થવા પામી છે



ક્રિસમસ પર્વની ઉજવણીનો રંગ જામ્યો છે. ખ્રિસ્તીભાઈ બહેનો મેરી ક્રીસમસની એકમેકને શુભેચ્છા પાઠવતા નજરે પડે છે. સે-૮ ના ચર્ચમાં પણ ક્રિસમસ પર્વની ઉજવણી પ્રસંગે મેયર રીટાબેન પટેલ,ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘર, શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ , પુર્વ મેયર પ્રવિણ પટેલ, નિશિત વ્યાસ, હીરેન ભટ્ટ જયોતિ મહીલા મંડળના પ્રમુખ ડો ચેતના બુચ, સીતારામ પટેલ સહીત નગરના અગ્રણીઓએ ફાધર બિશઅપ તેમજ સે-૮ સેન્ટ ઝેવિયર્સના પ્રિન્સિપાલ એન્થની ક્રુઝને મેરી ક્રીસમસની શુભેચ્છા પાઠવી હતી.

## ચિલોડા એ.ડી.સી. બેંક દ્વારા નાણાંકીય સાક્ષરતા જાગરૂકતા શિબિર યોજાઈ



ચિલોડા, તા. ૨૬

ગાંધીનગર તાલુકાના ચિલોડા દૂધ ઉત્પાદક મંડળીના હોલમાં રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક (નાબાર્ડ) અંતર્ગત ધી અમદાવાદ ડીસ્ટ્રીકટ કો.ઓ. બેંક લીમીટેડના ઉપક્રમે નાણાંકીય સાક્ષરતા જાગરૂકતા શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ શિબિરમાં બચત, બેંક ખાતુ બેંકિંગ સેવાઓ, એ.ટી.એમ., મોબાઈલ બેંકિંગ વીમો, પેન્શન સ્કીમ, સામાજિક સુરક્ષા યોજનાઓ ઈન્ટરનેટ બેંકિંગ આર.ટી.જી.એસ. એન.ઈ.એફ.ટી. સુવિધા એ.ટી.એમ. ઉપયોગની સાવચેતી વગેરેની વિસ્તૃત માહિતી આપી હતી. આ શિબિરમાં ચિલોડા શાખાના જયંતિભાઈ એમ. પટેલ, અગ્રણી દિનેશભાઈ પટેલ, નટુભાઈ પટેલ પત્રકાર તથા મંડળીના સભાસદો, કારોબારી સભ્યો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



હાલ છત્તીસગઢના ભિલાઈ ખાતે રાષ્ટ્રીય કક્ષાની છઠ્ઠી જુનિયર ડયુબૉલ નેશનલ ચેમ્પિયનશીપ ચાલી રહી છે. આ ટૂર્નામેન્ટ માટે ગાંધીનગરની મહેશ્વરી સ્પોર્ટસ એકેડેમીના ૨ તાલીમાર્થીઓની પસંદગી થવા પામી છે. જેમાં અક્ષય ચૌધરી અને કિન્નરી પટેલનો સમાવેશ થાય છે. બંને ખેલાડીઓને એકેડેમીના પ્રેસિડેન્ટ શશિમોહન ધુમાલ અને સેક્રેટરી મહેશ્વરી ધુમાલે શુભેચ્છાઓ પાઠવી હતી.

## મહેસાણા અને ડીસા એરપોર્ટ પરથી વિમાની સેવા શરૂ થશે

ગાંધીનગર,તા.૨૬

રાજ્યમાંથી મહેસાણા, અમરેલી, ડીસા અને માંડવી એરપોર્ટ પરથી પણ હવે હવાઈ મુસાફરી કરી શકાશે. આ ઉપરાંત, એમ્ફિબિયસ પ્લેન દ્વારા સાબરમતી નદીથી સીધા સ્ટેચ્યૂ ઓફ યુનિટી, નર્મદા નદીમાં સી પ્લેન મારફતે પણ ઉડાન ભરી શકાશે. સી પ્લેન દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી અને પાલિતાણા નજીક શેત્રુંજય ડેમના પાણીમાં સીધા પ્લેન ઉતરતા દેખાય તે દિવસો હવે દૂર નથી.

ભારત સરકારે ઉડાન સ્કીમ હેઠળ વિવિધ નાના પ્રવાસન સ્થળોને એર કનેક્ટિવિટી મળી રહે તે માટે પ્રયાસો હાથ ધર્યા છે. ગુજરાતમાં પણ હાલ શિડ્યૂલ ઓપરેટર ઉડાન સ્કીમ હેઠળ વિવિધ સ્થળોએ તેમની વિમાન સેવા આપી રહ્યા છે. રાજ્ય સરકારના એવિએશન વિભાગના કેપ્ટન અજય ચૌહાણના જણાવ્યા અનુસાર, 'રાજયમાં આગામી ઉડાન સ્કીમ માટેના બીડિંગની પ્રોસેસ માટે ચાર સ્થળોના નામ મોકલી અપાયા છે. જેમાં મહેસાણા, અમરેલી, ડીસા અને માંડવી એરપોર્ટનો સમાવેશ થાય છે.'

આ ચાર સ્થળમાંથી કોને એકબીજા સાથે જોડવા તે એરલાઈન્સ કે ઓપરેટર નક્કી કરશે. ત્યારબાદ તેની એક બેઝ પ્રાઈસ અપાશે, અને તેના પર બીડિંગ કરાશે. ભારત સરકારે ઉડાન-૪ નામની બીડિંગ પ્રોસેસ શરુ કરી છે. જેમાં પહેલીવાર નોન શિડ્યૂલ ઓપરેટર પરમિટ (એનએસઓપી) કેટેગરીમાં બીડિંગ થશે. ગુજરાતમાં હાલ ઉડાન યોજના હેઠળ એર ડેક્કન, ટ્રુજેટ, સ્ટાર એરલાઈન્સ જેવી શિડ્યૂલ કંપનીઓ કાર્યરત છે. હવે નોન-શિડ્યૂલ એરલાઈન્સને બીડ કરવાની પરવાનગી મળતા સુરતની વેન્ચુરા પણ આ પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. રાજ્યમાં સી પ્લેનની વાતો છેલ્લા કેટલાક વર્ષોથી થાય છે, પરંતુ હવે ઉડાન-૪ બીડિંગમાં ખાસ જોગવાઈઓને પગલે ગુજરાતમાંથી ત્રણ સ્થળોને બીડિંગ પ્રોસેસમાં મૂકવા રાજ્ય સરકારે અનુમતિ આપી છે. જે ત્રણ વોટર એરોડ્રામનો તેમાં સમાવેશ કરાયો છે તેમાં સાબરમતી રિવરફ્રન્ટ, સ્ટેચ્યુ ઓફ યુનિટી અને પાલિતાણા નજીક શેત્રુંજય ડેમનો સમાવેશ થાય છે.

## શેઠ કે.એમ. શાહ સર્વોદય હાઈસ્કૂલ ખાતે ઉર્જા બચાવો કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા. ૨૬

ગાંધીનગર તાલુકાના છાલા સ્થિત શેઠ કે.એમ. શાહ સર્વોદય હાઈસ્કૂલમાં ઉર્જા બચાવો અંતર્ગત એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૧૦ની વિદ્યાર્થીઓને મનસુરીબેને ઉર્જા સંરક્ષણ વિશે ટી.વી.ના માધ્યમથી વિડીયો પ્રદર્શન દ્વારા ખૂબ રસપ્રદ માહિતી આપી હતી. રોજિંદા વપરાશમાં ઉર્જાનો વ્યય થતો કેવી રીતે અટકાવવો તે વિશે સુંદર માહિતી આપી હતી. કાર્યક્રમના અંતે તમામ વિદ્યાર્થીઓની સ્વ મુલ્યાંકન કસોટી લેવામાં આવી હતી. તેમાં પ્રથમ ૩ વિજેતાઓને શિક્ષિકા તરફથી પ્રોત્સાહન ઈનામો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં શાળાના આચાર્ય આર.એમ. ચૌધરીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. શાળા પરિવારને ધન્યવાદ સાથે આભાર માન્યો હતો.




## શહેર વસાહત મહાસંઘના હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. જેમાં પ્રમુખ પદે કેશરીસિંહ બિહોલા તથા ઉપ પ્રમુખ પદે લાલુભા વાઘેલા, પ્રદિપસિંહ બિહોલા, તેજાભાઈ દેસાઈ, જયેશભાઈ આગજા અને કે.પી. સોલંકીની નિયુક્તિ કરવામાં આવી છે.

આ ઉપરાંત મહાસંઘના મહામંત્રી પદે રાજેન્દ્ર પારેખ અને પોપટલાલ પ્રજાપતિ, મંત્રી પદે હિમાંશુ ભચેચ, રામેશ્વર લોટ, સી.કે. સોની અને કુંદનલાલ પટેલની વરણી કરવામાં આવી છે જ્યારે સહમંત્રી પદે બી.એમ. ભરવાડ, અર્જુનસિંહ વાઘેલા, નરેશભાઈ પરમાર, હરિસિંહ રાઠોડ અને વિઠ્ઠલભાઈ પરમારની તથા સંગઠન મંત્રી પદે મનુભાઈ વાળંદ, બાબુભાઈ દેસાઈ, મનુભાઈ પટેલ, અશ્વિનભાઈ રાઠોડ અને મેરૂસિંહ ચાવડા અને ખજાનચી પદે વિનોદભાઈ ભટ તથા લીગલ એડવાઈઝર પદે બી.ડી. શાહની પસંદગી કરવામાં આવી છે.




'સ્માર્ટ સીટી'માં કોઈ પણ વસ્તુ 'સ્માર્ટ' તો ઠીક સારી હાલતમાં પણ નથી. તુટેલા માર્ગસૂચક બોર્ડ, ડસ્ટબીન, પેનલ વગેરે ઠેરઠેર જોવા મળે છે. લાખો કરોડોની ગ્રાન્ટ આવતી હોવા છતાં આવી નાની નાની ચીજવસ્તુઓ પર ધ્યાન અપાતુ નથી. આવી ભંગાર ચીજોથી કોઈને નુકશાન ન પહોંચે ત્યાં સુધી તેની ફરિયાદ કરવાની ફુરસદ પણ નાગરિકોને નથી. અખબારોમાં અવારનવાર આવી તુટેલી ફુટેલી ચીજવસ્તુઓ, દિશાસૂચક બોર્ડ વગેરે જોવા મળે છે પરંતુ તંત્ર માટે તો આ બાબત 'હોતી હૈ...ચલતી હૈ...' જેવી છે. સેક્ટર-૭માં પોલીસસ્ટેશનની બાજુમાં આવેલ ઈલેક્ટ્રીક બોક્સ તુટેલી હાલતમાં જોવા મળે છે. ખુબજ જોખમી કહી શકાય તેવી હાલતમાં રહેલા આ ઈલેક્ટ્રીક બોક્સનું રીપેરીંગ તત્કાલ થવુ આવશ્યક છે.

## ધણપ આદર્શ સંસ્કાર તીર્થ ખાતે ગ્રાહક સુરક્ષા દિન નિમિત્તે ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગ્રાહક સુરક્ષા દિનની ઉજવણી અંતર્ગત આદર્શ સંસ્કાર તીર્થ-ધણપ માધ્યમિક શાળામાં ગ્રાહક જાગૃતિ અંગે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ગ્રાહક અવેરનેસ અંગે શાળાના આચાર્ય હિતેન્દ્રસિંહ રાઠોડે વિદ્યાર્થીઓની ટીમો બનાવી ગામના વિવિધ ગ્રાહક કેન્દ્રો જેવા કે કરિયાણાની દુકાનો, પાર્લરો, બેંક, મંડળી વગેરેમાં વિદ્યાર્થીઓ મુલાકાત લઈ ચકાસણી કરી, વસ્તુનું વજન અને એસ્પાયરી તારીખ, વસ્તુની જાત વગેરે ચકાસ્યા હતા. વેપારીઓને ગ્રાહકના હીતની જાળવણી રાખવા માટે જણાવવામાં આવ્યું હતું. શાળામાં ગ્રાહક સુરક્ષા અંગેની ક્વીઝ સ્પર્ધા યોજાઈ હતી. જેનું સફળ સંચાલન શૈલેષભાઈ પટેલે કર્યુ હતુ. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ પદે સ્કાઉટગાઈડ સંઘના કમિશનર રતીલાલ જોષી ઉપસ્થિત રહી માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ. વિજેતા વિદ્યાર્થીઓ પ્રોજેક્ટ તૈયાર કરનાર વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા.



# ગાંધીનગર ખાતે NAVS-ઈન્ડિયાનો ૧૮મો વાર્ષિક પદવીદાન સમારંભ યોજાયો

## પશુઓ અને પશુપાલકોના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકાર કટિબદ્ધ : પશુપાલન મંત્રી કુંવરજી બાવળીયા

ગાંધીનગર, તા. ૨૬

પશુઓ અને પશુપાલકોના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકાર હંમેશા કટિબદ્ધ છે. ભારતમાં થયેલી શ્વેતક્રાંતિમાં ગુજરાતની અમૂલ અને પશુપાલકોની ભુમિકા ખૂબ અગત્યની છે, જેના પરિણામ સ્વરૂપે સમગ્ર વિશ્વમાં દૂધ ઉત્પાદન ક્ષેત્રે ભારત અગ્રેસર છે તેમ, આજે ગાંધીનગર ખાતે યોજાયેલા નેશનલ એકેડમી ઓફ વેટરિનરી સાયન્સિસ (NAVS) ઈન્ડિયાના ૧૮માં વાર્ષિક પદવીદાન તેમજ સાયન્ટિફિક કન્વેશન ઓન ફ્યુચરિસ્ટિક ટેકનોલોજીસ ઈન એનિમલ હેલ્થ એન્ડ પ્રોડેક્શન કાર્યક્રમમાં સંબોધન કરતાં પશુપાલન મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું.

મંત્રી બાવળીયાએ કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ડેરી અને પશુપાલન ઉદ્યોગને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે તેને વધુ બળ આપવા આજનો બે દિવસીય કાર્યક્રમ ખૂબ જ મદદરૂપ થશે તેમજ અન્ય રાજ્યો માટે પણ પ્રેરણારૂપ સાબિત થશે. રાજ્યની ગ્રામિણ અર્થવ્યવસ્થામાં પશુપાલન વ્યવસાયનું ખૂબ જ મોટું યોગદાન છે. પશુપાલન ઉદ્યોગના પરિણામે આજે ગ્રામિણ ક્ષેત્રની મહિલાઓ આર્થિક પગભર બની છે. સૌથી વધુ દૂધ આપતી દેશી નસલની 'ગીર અને કાંકરેજી' જેવી શ્રેષ્ઠ ગાયો તેમજ 'મહેસાણી', 'ઝાફરાબાદી' અને 'બન્ની' જેવી ઉત્તમ નસલની ભેંસો ગુજરાત પાસે છે જેના પરિણામે દૂધ ઉત્પાદનમાં ગુજરાત અગ્રેસર છે.

મંત્રીએ જણાવ્યું હતું કે તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનથી વર્ષ ૨૦૦૯માં રાજ્યમાં પ્રથમ વાર કામધેનુ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી હતી. આ યુનિવર્સિટી દ્વારા પશુઓના વિકાસ માટે વિવિધ કોર્સ ચલાવવામાં આવે છે. આ ઉપરાંત યુનિવર્સિટી દ્વારા રાજકોટ અને હિંમતનગર ખાતે પશુ હોસ્પિટલ શરૂ કરવામાં આવી છે. જેનો આજુબાજુના પશુપાલકોને મહત્તમ લાભ મેળવી રહ્યા છે. આ સેમિનારથી પશુ વિકાસ અને દૂધ ઉત્પાદનમાં વધારો થશે તેમ જણાવી મંત્રીએ પદવી પ્રાપ્ત મહાનુભાવોને અભિનંદન પાઠવ્યા હતા.

રાષ્ટ્રીય કામધેનુ આયોગના ચેરમેન ડૉ.વલ્લભભાઈ કથિરિયાએ જણાવ્યું હતું કે આજે ગ્રામિણ અર્થતંત્રના વિકાસ માટે ગુજરાતની દેશી ગાય ઉત્તમ પુરવાર થઈ રહી છે. સમગ્ર ભારતમાં ગીર ગાયનું અલગ સ્થાન છે. ગત વર્ષે બ્રાઝિલના પશુપાલકો ગીર ગાયની ઓલાદના સિમેન તેમના દેશમાં લઈ ગયા હતા. ભારતના કુલ જીડીપીમાં કૃષિનો ફાળો ૧૩ ટકા છે જેમાં પશુપાલન માત્ર ૪ ટકા હિસ્સો ધરાવે છે. જેને વધારવા આપણે સૌએ સંયુક્ત પ્રયાસો કરવા પડશે. ગાયના છાણ અને મૂત્ર પણ અનેક રીતે ઉપયોગી છે. ગ્લોબલ વૉર્મિંગ અટકાવવા તેમજ રેડિએશનની અસર ઘટાડવામાં દેશી ગાયનું છાણ ખૂબ જ ઉપયોગી સાબિત થયું છે. આજે ગુજરાત સહિત ભારતમાં ગાય આધારીત જૈવિક તેમજ સજીવ ખેતી કરવામાં આવે છે. વડાપ્રધાનએ લેબ ટુ લેન્ડનો મંત્ર આપ્યો હતો જેમાં હવે લેન્ડ ટુ લેબનો સમય પણ આવી ગયો છે જે નવી ટેકનોલોજીથી શક્ય બનશે તેમ પણ ડૉ. કથિરિયાએ ઉમેર્યુ હતું.

